ગુજરાતમિત્ર
ભવિષ્ય દર્પણ

# મકર (ખ.જ.)



## है बुझा बुझा सा दिल बोज सांस सांस पर
## जी रहे है फिर भी हम सिर्फ कल की आश पर

**માનસિક સ્થિતિ :**

**મિત્રો,**

**આજકાલ આપની રાશિમાં શનિ મહારાજની સાડાસાતી પનોતી ચાલે છે. એટલે આપને માટે સમય થોડો કપરો તો ખરો જ. આપનો સ્વભાવ એવો હશે કે દરેક બાબતમાં આપ અગાઉથી વ્યવસ્થિત પ્લાનીંગ કરીને ચાલતા હશો, આપના ધંધાકીય અંગત તેમજ સામાજિક કામમાં દરેક કામમાં પ્રાયોરીટી પ્રમાણે અને કામની અગત્યતા પ્રમાણે આયોજન કરવાની આપને આદત હશે જ. આમાં સમયનું પ્લાનીંગ અને નાણાકીય પ્લાનીંગ એમ બંને બાબતમાં આપને વ્યવસ્થિત અને એડવાન્સમાં આયોજન કરવાની ટેવ હોવાથી દરેક કામ સમયસર થાય. પૈસાની સગવડ પણ થઇ જાય અને કોઇ જગ્યાએ ડિસ્ટર્બ થયા વગર આપનું કામ સફળતા પૂર્વક પાર પડી જાય. આ એક ઘણી સારી આદત છે.**

**પરંતુ મિત્રો સમય સમયનું કામ કરે છે અને ગ્રહો પણ એનું કામ કરે છે. આપને શનિની પનોતી ચાલે છે તે સારી નથી એટલે આપના બધા કામો આયોજન પ્રમાણે થાય નહીં.**

**આપના ધંધાકિય તેમજ અંગત કામકાજમાં મહેનત વધારે કરવી પડે તેની સામે રિટર્ન ઓછું મળે. કેટલાક સંજોગો તમારા કાબુ બહારના થઇ જાય. એટલે બીનજરૂરી ટેન્શન ઊભું થાય. આર્થિક નાણાંકીય બાબતમાં પણ આપના પૈસા ફસાય જાય અને તે છૂટા થવામાં વિલંબ થાય. આને લીધે તમારા અંગત કામ માટે પૈસાની જરૂર હોય તો તે કામ પણ થઇ શકે નહીં. તમારા અંગત જીવનમાં પણ તમારી લાગણીઓ કોઇ સમજે નહીં. તમને જે વ્યક્તિઓ માટે નિસ્વાર્થ પ્રેમ હોય તેમના તરફથી પણ પૂરતો માનસિક સપોર્ટ મળે નહીં છતાં તમે પ્રમાણિકતા પૂર્વક તમારી ફરજ નીભાવ્યા કરશો. પરંતુ આવા સંજોગોમાં તમારા મનમાં થોડી નિરાશા રહેશે અને તમારા દિલ પર એક જાતનો ભાર રહેશે.**

**અહીંથી તમારી વારતા શરૂ થાય છે.**

**મિત્રો, નવેમ્બરની પંદરમી તારીખ પછી કેટલાક ગ્રહમાન સારા થાય છે એટલે આપની પરિસ્થિતિમાં ઘણો હકારાત્મક સુધારો થશે. આપને માનસિક રીતે ઘણી રાહત થઇ જશે. આપના વિલંબમાં પડેલા કામો ધીમે ધીમે પૂરા થવા માંડશે. આર્થિક તેમજ નાણાકીય દૃષ્ટિએ પણ આપની પરિસ્થિતિમાં સુધારો થશે અને માર્ચ ૨૦૧૯ સુધીમાં તમે નાણાંકીય ટેન્શનમાંથી બહાર આવી જશો. તમારા નજીકના માણસોનો પ્રેમ અને હુંફ મળવાથી તમને ઘણો માનસિક સપોર્ટ મળશે. આમ તમે નિરાશામાંથી તો બહાર નીકળી જ જશો. સાથે સાથે તમારું મનોબળ મજબૂત થશે અને નાણાંકિય રીતે પણ સધ્ધર થઇ જશો. માર્ચ ૨૦૧૯ સુધી તમારે આવતીકાલની આશા પર સમય પસાર કરવો પડશે. એપ્રિલ-૧૯ થી તમે તમારી ઓરિજીનલ પરિસ્થિતિમાં હશો.**

**પછી શિષ્યએ પૂછ્યું : હે ગુરૂજીઃ ખરાબ સંજોગોમાં ટકી રહેવા માણસે શું કરવું જોઇએ?**

**ગુરુજીએ કહ્યું : - દરેક માણસના જીવનમાં સારો અને ખરાબ સમય આવતો જ હોય છે. ખરાબ સમય પછી સારો સમય આવે જ છે. પરંતુ જે માણસ હિંમત હારી જાય છે તે જિંદગી હારી જાય છે. માટે ક્યારેય હિંમત હારવી નહીં 'આ દિવસો પણ પૂરા થઇ જશે.'**

**આર્થિક નાણાંકિયઃ**

માર્ચ ૨૦૧૯ સુધી તો આપને માટે નાણાંકિય દૃષ્ટિએ થોડો ટેન્શનવાળો સમય રહેશે. જો કે અત્યાર સુધી જે ગંભીર પરિસ્થિતિ હતી તેમાં નવેમ્બર ૨૦૧૮ પછી ઘણી રાહત થઇ જશે. **નવેમ્બર ૧૮ થી માર્ચ ૧૯ દરમ્યાન આપની આવક તો વધશે પરંતુ બચત નહીં થાય. ઉપરાંત આપના પૈસા ફસાયેલા હોય કે ઉઘરાણી બાકી હોય તો તે પણ એક સાથે પૂરી રકમ નહીં આવે પણ ટૂકડે ટૂકડે આવે, અને આ રકમ આવતા પહેલા એની જાવકનું પણ આયોજન થઇ જાય.** જો કે માર્ચ પછી વરસમાં અંત સુધી પ્રગતિકારક સમય છે અને પૈસાને લીધે આપનું કોઇ કામ અટકશે નહીં. આપને શનિની પનોતી ચાલે છે એટલે કેટલાક ખોટા ખરચા પણ આવશે.

**ધંધો વ્યવસાય નોકરી :**

કામકાજ ધંધા માટે પણ સમય થોડો હાર્ડ છે. આપનું કામકાજ થોડું ધીમું ચાલે, થોડું ઠંડુ ચાલે એવું લાગ્યા કરે. મહેનત વધારે કરવા છતાં તેની સામે રિટર્ન ઓછું મળે. આપની ઉઘરાણી આવવામાં પણ વિલંબ થાય. આને લીધે ધંધામાં ક્યારેક મની ક્રાઇસીસ ઊભી થાય. જો આપનું મેન્યુફેક્ચરીંગનું કામકાજ હોય તો કારીગરનો પ્રોબ્લેમ આવી શકે. અને મશીનરીમાં બિનજરૂરી ખરચો થાય. આપનો ધંધો ભાગીદારીમાં હોય તો ભાગીદારો સાથે મતભેદ થઇ શકે.

જો કે માર્ચ મહિના પછી આપને ધંધામાં રાહત થઇ જાય. **ચાલુ કામકાજ ઉપરાંત કોઇ નવી લાઇનમાં પણ કામ થવાની શકયતા છે ચાલુ ધંધામાં એક્સ્પાન્શન પણ કરી શકાય.**

નોકરીવાળાને માટે આ વરસનો સમય મધ્યમ છે. ખરાબ નથી. નોકરીમાં ઉપરી અધિકારીઓ સાથે મતભેદ રહેશે. સ્ટાફના સભ્યોમાં બે જણ વિઘ્ન સંતોષી માણસો મળે. જો કે એ લોકો કોઇ નુકશાન કરી શકે એવું નથી. **ઇન્ક્રીમેન્ટ સમયસર મળી જાય પ્રમોશન મળવામાં વિલંબ થાય. ઓફિસમાં કોઇની સાથે ગુસ્સો કરવો નહીં અને કોઇને બહુ પ્રેમ પણ કરવો નહીં.**

**જમીન મકાન પ્રોપર્ટીઃ**

પ્રોપર્ટીના કામમાં જો આ વરસમાં તમારે નવું રોકાણ કરવું હોય તો શરૂઆતના છ મહિનાનો સમય અનુકૂળ નથી. એક યા બીજા કારણથી તમારા આ કામમાં વિલંબ થયા કરશે. **એપ્રિલ મહિના પછી વરસના અંત સુધીમાં તમે રોકાણ કરી શકો.** જો તમારી કોઇ પ્રોપર્ટી વેચવાની હોય તો આવનારા બે થી ત્રણ મહિનામાં એનો સોદો થઇ જાય. પરંતુ એના પૈસા ટૂકડે ટૂકડે આવે. એક સાથે આવે નહીં. અને આ કામમાં થોડું સમાધાન કોમ્પ્રોમ્પાઇઝ કરવું પડે. બાપ-દાદાની મિલકત માંથી કંઇ મળવાનું હોય તો એમાં વિલંબ થાય.

**લગ્ન અને દાંમ્પત્યજીવનઃ**

જેમને આ વરસમાં લગ્ન કરવા છે તેમને માટે માર્ચ મહિના પછીનો સમય સારો છે. તે પહેલા નકકી પણ કરવું નહીં સગાઇ વિવાહ પણ કરવા નહીં. **લવમેરેજનો પ્રોગ્રામ હોય તો કેન્સલ.**

દાંમ્પત્યજીવન માટેના આપના ગ્રહમાન સારા છે લગ્ન જીવનમાં સંવાદિતા અને શાંતિ રહેશે. જો કોઇ નાની મોટી ગેરસમજ કે મતભેદ હોય તો દૂર થઇ જાય જો તમને એમ લાગતું હોય કે તમારા પાર્ટનરની કોઇ ભૂલ થઇ છે તો માફ કરી દેવા અને તમારી કોઇ ભૂલ હોય તો માફી માગી લેવી. આમ લખવાનું કારણ એટલું જ કે અત્યારે આપને શનિની પનોતી ચાલે છે એટલે ગેરસમજ થવાની શકયતા છે.

ગુસ્સો કરવો નહીં અને મગજ શાંત રાખવું **સ્વભાવમાં નમ્રતા અને નિખાલસતા જેટલી વધુ રાખશો તેટલી મીઠાસ વધારે રહેશે.** આ વરસમાં તમારા પાર્ટનરની તબિયત અંગે આપને ચિંતા રહેશે. સિરિયસ કશું નથી.

**સંતાનઃ**

સંતાનની બાબતમાં આ વરસમાં આપના ગ્રહમાન સારા છે. સંતાનના અભ્યાસમાં પ્રગતિ થાય. એમના કામ ધંધામાં કોઇ ટેન્શન હોય તો તે પૂરુ થઇ જાય. એમના લગ્ન બાબતની કોઇ ચિંતા હોય તો તે પણ દૂર થઇ જાય. સંતાનો તરફથી કોઇ સારા સમાચાર મળે જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેમને આ વરસમાં ઇચ્છા પૂરી થાય.

**અભ્યાસઃ**

વિદ્યાર્થી મિત્રો, અભ્યાસને માટે આ વરસમાં આપના ગ્રહમાન સારા છે. અભ્યાસમાં આપની મહેનતના પ્રમાણમાં આપને પરિણામ મળશે. **જો કે વરસ દરમ્યાન કેટલીક અડચણો અને કેટલાક વિઘ્નો આવવાની શકયતા છે. આ સંજોગોમાં તમારે ગંભીરતાપૂર્વક અભ્યાસ ચાલુ રાખવો પડે.** તમારા મિત્રો તમારો સમય બગાડે એવું બને. બારમા ધોરણ પછી કે ગ્રેજ્યુએશન પછી આગળના અભ્યાસ માટે શરૂઆતમાં ટેન્શન થાય પછી તમારું કામ થઇ જાય.

**પ્રવાસઃ**

પ્રવાસ મુસાફરીને માટે આપના ગ્રહમાન મધ્યમ છે. વરસ દરમ્યાન કુલ ત્રણ મુસાફરી થાય. મિત્ર મંડળ કે સગા સંબંધી સાથે એક પ્રવાસ થાય એક મુસાફરી સામાજિક કામ માટે થાય અને બીજી મુસાફરીમાં લાંબો પ્રવાસ થાય. મુસાફરીમાં તમારી ગણતરી કરતા ખરચો વધારે થાય. માલ-સામાન પૈસા તેમજ કિંમતી વસ્તુઓ સાચવીને રાખવી.

**મિત્ર-શત્રુ**

**મિત્રોની બાબતમાં આપના ગ્રહમાન તો સારા છે પરંતુ સંજોગોને લીધે એ લોકો આપની તકલીફ કે મુસીબતમાં ખાસ કંઇ મદદ કરી શકે નહીં. તમારા કેટલાક મિત્રો એમના સ્વાર્થ માટે તમારો ઉપયોગ કરે એવું બને.** તમારા અંગત મિત્રો તમને આર્થિક મદદ નહીં કરી શકે પરંતુ એમના તરફથી આપને હૂંફ, હિંમત અને માનસિક સપોર્ટ સારો મળશે. શત્રુ જેવું કશું છે નહીં છતાં બે ત્રણ વિઘ્ન સંતોષી માણસો મળશે **એમને યોગ્ય સમયે એમની જગ્યા બતાવી દેવી.**

**કોર્ટ-કચેરીઃ**

કોર્ટ કચેરી કે બીજા કોઇપણ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટની બાબતમાં આ વરસમાં થોડું ટેન્શન થઇ શકે આપને શનિની પનોતી ચાલે છે તે સારી નથી એટલે ઇન્કમટેક્ષ એક્ઝાઇઝ, પોલીસ કે એવા બીજા કોઇપણ સરકારી ખાતા તરફથી ટેન્શન આવી શકે. ક્યારેક તમારી જાણ બહાર તમારી કોઇ એવી ભૂલ થઇ જાય કે જેથી આ ડિપાર્ટમેન્ટવાળા તમારી મુલાકાત લેવા આવી ચઢે. તેથી સંભાળીને રહેવાની જરૂર છે. **બીજાની ભૂલને લીધે તમે ફસાય જાવ એવું પણ બને.**

**તંદુરસ્તીઃ**

તંદુરસ્તીને માટે આ વરસનો સમય ખરાબ તો નથી પણ મધ્યમ છે. **વરસ દરમ્યાન શારીરિક કરતા માનસિક અવસ્થતા વધારે રહેશે. સાધારણ નિરાશા ડિપ્રેશન જેવું રહેશે. કોઇ ને કોઇ ટેન્શનમાં ગુંચવાયેલા હોવ તેનો ભાર મગજ પર રહેશે. એટલે તમારા રૂચિવાળા કામમાં પણ દિલચસ્પી રહેશે નહીં.** તમારી પોતાની તબિયતમાં વરસમાં બે વાર ફરિયાદ રહેશે. આ ફરિયાદને હળવાશથી લેવી નહીં. એમાંથી કોઇ મોટી ગરબડ નીકળી શકે. તમારા સગાસંબંધીમાં કોઇ વડીલનો વિયોગ થવાની પણ શકયતા છે.